The Economic Times (Guj.)

May 15, 2017
Pg.1& 2

# સ્ટાર્ટ-અપ્સે ટેક્સ લાભ માટે રોજગારી સર્જનનો આંકડો આપવો પડશે

રુચિકા ચિત્રવંશી
નવી દિલ્હી



સ્ટાર્ટ-અપ ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ લાભ મેળવવા માંગતી કંપનીઓએ પહેલેથી જ રોજગારી સર્જનનો આંકડો જાહેર કરવો પડશે. અમુક સંખ્યાથી વધુ જોબ આપવાની ખાતરી આપનારા સ્ટાર્ટ-અપ્સને જ સરકારની યોજનાના લાભ મળશે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, "અમે ટૂંક સમયમાં સ્ટાર્ટ-અપ્સ માટેની નવી વ્યાખ્યા જાહેર કરીશું." અત્યારે સ્ટાર્ટ-અપ ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ ટેક્સ હોલિડે અને ફાસ્ટ-ટ્રેક પેટન્ટ ફાઇલિંગ જેવા લાભ મેળવવા ઇનોવેશન મુખ્ય માપદંડ છે. નવી વ્યાખ્યા પ્રમાણે સ્ટાર્ટ-અપે પ્રોડક્ટ અને સર્વિસના અમુક સ્તરના ઇનોવેશન ઉપરાંત, રોજગારી સર્જનનો લક્ષ્યાંક હાંસલ કરવો પડશે અને અમુક નાણાકીય ધોરણો સંતોષવાં પડશે. અધિકારીએ જણાવ્યું હતું કે, "કરલાભ માટેની અરજીઓ ચકાસતી વખતે અમે જાતે તપાસ કરીશું." વડાપ્રધાન મોદીએ જાન્યુઆરી ૨૦૧૬માં સ્ટાર્ટ-અપ ઇન્ડિયા પ્રોગ્રામ લોન્ચ કર્યો હતો. જેના મુખ્ય હેતુઓમાં રોજગારી સર્જનનો સમાવેશ થતો હતો. જોકે, ફરજિયાત જરૂરિયાત તરીકે તેને સામેલ કરવામાં આવી ન હતી. સરકારની યોજનાને હજુ ધાર્યો પ્રતિસાદ મળ્યો નથી. ૭૯૮ અરજીમાંથી માત્ર ૧૦ સ્ટાર્ટ-અપ્સને જ કરલાભ માટેની મંજૂરી મળી છે. સ્કિમનો લાભ લેવાના ધોરણો હળવાં કરવા ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ પોલિસી એન્ડ પ્રમોશન (DIPP)એ સરકાર માન્ય ઇન્ક્યુબેટર પાસેથી ઇનોવેશન ક્ષમતા માટે પ્રમાણપત્ર લેવાની શરત રદ કરી છે.

▶▶ શેષ અહેવાલ: પેજ ૨

## સ્ટાર્ટ-અપ્સે ટેક્સ લાભ માટે રોજગારી સર્જનનો આંકડો આપવો પડશે

ઉપરાંત, DIPPએ બાયોટેક્નોલોજી કે મેડિકલ ડિવાઇસ કંપનીને હાલનાં પાંચ વર્ષને બદલે ૮-૧૦ વર્ષ સુધી સ્ટાર્ટ-અપ ગણવા મંજૂરી માંગી છે. કારણ કે આ બંને સેક્ટરમાં બિઝનેસ શરૂ થવાનો ગાળો લાંબો હોય છે.

નાસ્કોમના અહેવાલ પ્રમાણે ભારતમાં સ્ટાર્ટ-અપ્સ હાલના ૮૦,૦૦૦ની તુલનામાં ૨,૫૦,૦૦૦ જોબની તક ઊભી કરશે. ક્રિસિલના અહેવાલ પ્રમાણે ભારતમાં દર મહિને ૧૫ લાખ લોકો જોબ માર્કેટમાં ઉમેરાશે.